Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 4

# ચંદ્રકાંત શેઠનું જીવન અને સર્જન

***Patel Daxaben Babubhai***

***Dr. Babasaheb Ambedkar Open University***

***Mobile No. : 9723599555***

***Email : manan.s.patel23@gmail.com***

સારાંશ :

સ્વાતંત્ર્યોતરયુગ નવ પ્રસ્થાનનો યુગ રહ્યો. જેમાં એક તબક્કો આધુનિકતાના પ્રબળ આંદોલનનો તો બીજો તબક્કો આધુનિકતામાં પ્રવેશે છે. 20મી સદીના ઉત્તરાર્ધમાં ધરમૂળથી પરિવર્તન શરૂ થયા. આધુનિકતાવાદનો મૂળ સ્રોત યુરોપ, અમેરિકાના પ્રવાહો અને પ્રવૃત્તિઓમાં જોવા મળે છે. 20મી સદીના આરંભમાં પ્રથમ વિશ્વયુદ્ધ પછી કવિતા, કથા, સાહિત્ય કે નાટક આદિ સાહિત્ય સ્વરૂપોમાં અભિવ્યક્તિગત જે પરિવર્તનો આવ્યા તેણે કાલાન્તરે આપણા દેશના સર્જકોને પ્રભાવિત કર્યા. અન્ય રીતે અહીં માનવ જીવનના અંતર વિશ્વને નિકટથી જોવા અને સમજવા માટે નૂતન દૃષ્ટિબિંદુ મળે છે. માનવ જીવનનાં સામાજિક, કૌટુંબીક, રાજકીય, આર્થિક કે સાંસ્કૃતિક પ્રશ્નોને બદલે માનવીય અસ્તિત્વ સંલગ્ન પાયાના પ્રશ્નો સાહિત્યની સામગ્રી બને છે. અહીં સંવેદનાલક્ષી, સંરચનાલક્ષી તથા ભાષાલક્ષી પરિવર્તનો આવે છે. પરિણામે અછાંદસ, લઘુનવલ, એબસ્ટર્ડ નાટક અને સર્જનાત્મક નિબંધો વગેરે નવા સ્વરૂપોની ઓળખ થાય છે.ઇતિહાસના વીતી ગયેલાં સમયની સાથે વર્તમાન- સાંપ્રતનું અનુબંધ રચી આપતા આ સંધિ કાળ સમયે મળેલા ચંદ્રકાંત શેઠ જેવાં સાહિત્ય સર્જકના જીવનકવનને જાણવાનો ઉપક્રમ રાખ્યો છે. સમયતા બદલાતા પ્રવાસ સાથે કેવી રીતે સાહિત્ય સર્જન થયું અને તેમાં શું નવીનતા જોવા મળી વગેરે જાણવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક, પદ્ધતિ વિશ્લેષણાત્મક અને સહહેતુ સંશોધન પસંદ કરવામાં આવ્યો છે. બંને પ્રવાહોની સમયાન્તરે પરંપરાગત પ્રવાહ પોતાની લાક્ષણિકતાઓ સાથે આ સમયગાળાને સમૃદ્ધ કરતો રહ્યો છે તે વાત આ સંશોધન પેપર માંથી જાણવા મળશે.

ચંદ્રકાંત શેઠનું જીવન અને સર્જન :

તા 3-2-1938ના રોજ પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે ચંદ્રકાંત શેઠનો જન્મ થયો. ઠાસરા તેમનું વતન ગામ છે. તેમના પિતાનું નામ ત્રિકમલાલ અને માતાનું નામ સરસ્વતી બહેન. ગુજરાત યુનિવર્સિટી માંથી 1961માં ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ. ની ડિગ્રી લીધી. ત્યારબાદ

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



અમદાવાદની ભક્ત વલ્લભ ધોળા આર્ટસ કોલેજમાં અધ્યાપન કાર્યનો આરંભ કરી આખરે ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં જ તેમણે મોહનભાઈ પટેલના માર્ગદર્શન નીચે 'ઉમાશંકર : સાહિત્યસર્જક અને વિવેચક'વિષય પસંદ કરીને ગુજરાત વિદ્યાપીઠમાં વિદ્યા વાચસ્પતિની ઉપાધિ 1979માં પ્રાપ્ત કરી. 1998માં નિવૃત્ત થયા ત્યાં સુધી ગુજરાત વિદ્યાપીઠમાં જ ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપી. ત્યાંથી નિવૃત્ત થયા બાદ તેઓ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં જોડાયા અને ત્યાં સંપાદક તરીકેની જવાબદારી પણ સંભાળી.

તેમણે 1999 માં ઇંગ્લેન્ડ અને ફ્રાન્સનો પ્રવાસ 2002માં યુગાન્ડા અને કેન્યાનો તથા અમેરિકાનો પ્રવાસ ખેડયો. જ્યાં તેમણે સાહિત્યિક વ્યાખ્યાનો પણ આપ્યા. તેમણે સાહિત્યિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ પદે રહી કામ કર્યું છે.1980 થી 1982 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તૈયાર થતા 'ગુજરાતી સાહિત્યકોશ' ના સહ- સંપાદક તરીકે તથા 1982 થી 1984 સુધી તે જ સંસ્થામાં માનાર્હ સંપાદક તરીકે સેવા આપી. 1984માં તેમણે 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના મંત્રી પદે રહ્યાં. 1997 થી 1998 દરમિયાન તે જ સંસ્થાના સંઘ પ્રમુખ તરીકે વરણી થઈ. 1985માં પુણે ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના 33માં 'આદિવાસી સર્જનાત્મક સાહિત્ય' અંગેની બેઠકના વિભાગીય પ્રમુખ રહ્યા. તો વળી દિલ્હીની 'કેન્દ્રીય સાહિત્ય અકાદમી'ના એક સભ્ય તરીકે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ચાલતા કેટલાક પ્રકલ્પના સલાહકાર તરીકે રહ્યા. 1998માં સાર્થ ગુજરાતી જોડણી કોષ માટેની પરામર્શક સમિતિના એક સભ્ય તરીકે તેમજ ગુજરાત શાળા રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાં એક સલાહકાર તરીકે સેવા આપી છે. 1999માં વિદ્યાપીઠના સંપાદક મંડળના સભ્ય તરીકે તો 1984-85 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના માસિક સંશોધન પત્ર 'ભાષા -વિમર્શ' ના તથા 1988- 89 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના મુખ પત્રક 'પરબ'ના સંપાદક તરીકે સેવાઓ આપી છે.

2 ઓગસ્ટ 2024 ના રોજ દુનિયામાંથી ચિરવિદાય લીધી. પરંતુ ભાવકોના હૃદયમાં સદાય જીવંત રહેશે.

ચંદ્રકાંત શેઠનાં સમગ્ર સાહિત્ય સર્જનની ઝાંખી :

કવિતા : 'પવન રૂપેરી' (1972), 'ઊઘડતી દીવાલો' (1974), 'પ્રૌઢશિક્ષણ ગીતમાળા' (1986), 'પડઘાની પેલે પાર' (1987), 'ગગન ખોલતી બારી' (1990), 'સાક્ષરતા ગીતો' (1990), 'એક ટહુકો પંડમાં' (1976), 'શગે એક ઝળહળીએ' (1999), 'ઊંડાણમાંથી આવે, ઊંચાણમાં લઈ જાય' (2004), 'જળ, વાદળ ને વીજ' (2005), 'ભીની હવા, ભીના શ્વાસ' (2008), 'ગગન ધરા પર તડકા નીચે' (2008), 'ચિદાકાશનાં ચાંદરણાં' (2012), હદમાં અનહદ (2017)

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



બાળ કાવ્યો : 'ચાંદલિયાની ગાડી' (1980, 2001, 2019), 'હું તો ચાલુ મારી જેમ !'(2001), 'ઘોડે ચડીને આવું છું.....' (2001, 2019)

એકાંકી સંગ્રહ : 'સ્વપ્ન પિંજર' (1983, 2007)

સંસ્મરણ : 'ધૂળ માની પગલીઓ' (1984)

ટૂંકી વાર્તા : 'એ બાલ્કનીવાળી છોકરી અને....'(1995)
બાળવાર્તાઓ : 'અનિલનો ચબૂતરો' (2012), 'ઝાંઝર ભાઈને જડ્યા પગ...' (2012), 'જેવા છીએ રૂડા છીએ' (2012), 'કીડીબાઈએ નાત જમાડી' ! (2012), 'ચંદ્રકાંત શેઠની મનપસંદ બાળવાર્તાઓ' (2012,સંપા.સાંકળચંદ પટેલ)

હાસ્ય કથા : 'એ અને હું' (1991)

હાસ્ય નિબંધ : 'હેત અને હળવાશ' (1990), 'વહાલ અને વિનોદ' (1995), 'હળવી કલમનાં ફૂલ' (2005), 'કાંકરીચાળો ને પથ્થરમારો' (2005)

નિબંધ : 'નંદ સામવેદી' (1980, 2001, 2016 લલિત નિબંધો), 'ચહેરા ભીતર ચહેરા' (1986, 2012-14 ચરિત્ર નિબંધો), 'વાણીનું સત, વાણીની શક્તિ'(1996,ચિંતનાત્મક નિબંધો), 'ગુણ અને ગરિમા' (1997, ચિંતનાત્મક નિબંધો), 'આનંદ પર્વ' (2002, 2016 સં. લાભશંકર ઠાકર), 'અખંડ દીવા' (2011,ચિંતનાત્મક લઘુ નિબંધો), 'રુડી જણશો જીવતરની' (2013), 'દીવે દીવે દેવ' (2015) 'આપણું અત્તર, આપણી સુવાસ' (2016, ચિંતનાત્મક નિબંધો), 'ચંદ્રકાંત શેઠના પ્રતિનિધિ નિબંધો' (2016 સ. સતીશ ડણાક ), 'પ્રસન્નતાનો પ્રસાદ' (2020)
ચરિત્ર લેખો : 'ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધરો' (1992,સ્વામી આનંદ વિશે), 'ધરતીના ચાંદ, ધરતીના સૂરજ' (1996-97, ચરિત્રાત્મક લેખો), 'સારસ્વતવંદના' (2009), 'ગાંધીજીના પ્રેરણા તીર્થો' (2009-10-11-12), 'કવિ ઉમાશંકર જોશી' (2010)
કાવ્ય સંચય : સંપુટ-2, 'કાવ્યકોડિયા' ચંદ્રકાંત શેઠના કાવ્યો, માર્ચ, 1981, સંપાદક સુરેશ દલાલ), 'ચંદ્રકાંત શેઠના કાવ્યો' (2001, સંપાદક-રમેશ ત્રિવેદી),'પડઘા અને પડછાયા વચ્ચે ચૂંટેલા કાવ્યો ચંદ્રકાંત શેઠ, 2005, સંપાદક ચંદ્રકાંત શેઠ)

વિવેચન સંશોધન : 'કાવ્યપ્રત્યક્ષ' (1976), 'અર્થાન્તર' (1978), 'રામનારાયણ. વી. પાઠક' (1979-91, 2014), 'આય્ રનીનું સ્વરૂપ અને તેનો સાહિત્યમાં વિનિયો' (1984), સ્વામિનારાયણ સંતકવિતા:આસ્વાદ અને અવબોધ (1984-89-2012), 'કવિતાની ત્રિજ્યામાં' (1986), 'કાંત' (1990), ગુજરાતીમાં વિરામચિન્હો, (મોહનભાઈ પટેલ સાથે 1973,2005), 'ઉમાશંકર જોશી

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= ★★★★ 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



વ્યાખ્યાનમાળા:3 ત્રણ (1992), ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા: ભક્તિકવિતાનું સાતત્ય અને સિદ્ધિ (1993), મહાદેવભાઇ દેસાઈ: સત્વ અને સાધના (1994), ગુજરાતી ગામનામ-સૂચિ (1996), 'સાહિત્ય પ્રાણ અને પ્રવર્તન (1998), સ્વામી આનંદ (1998) 'શબ્દ દેશનો, શબ્દ વિદેશનો (2002), 'ઉમાશંકર જોશી: ઝલક અને ઝાંખી (2003), 'કવિતા: પંથ અને પગલાં'(2004), 'સાહિત્ય: તેજ અને તાસીર' (2005) સાહિત્ય પ્ર-ભાવ અને પ્રતિ-ભાવ (2006), 'આપણાં કાવ્યરત્નો: ઉઘાડ અને ઉજાશ' (2006), 'કવિ અને કવિતા: કર્મ અને મર્મ' (2006), 'સાહિત્યમાં સાત્વિકતા અને અન્ય લેખો' (2007), ઉમાશંકર જોશીનો વાગ્વૈભવ, ખંડ:1, પદ્યસર્જન ખંડ:2, ગદ્યસર્જન, ખંડ:3 વિવેચન (2008-11), 'કવિતા: ચાક અને ચકરાવા' (2009), આપણું કાવ્ય-સાહિત્ય: પ્રકૃતિ અને પ્રવાહ (2010), સર્જક-પ્રતિભા શ્રેણી : ઉમાશંકર જોશી (2010) ભક્ત કવિ નરસિંહ મહેતા (2015), કાવ્યાનુભવ (2015), 'પ્રેમાનંદનું ભાષા કર્મ' (2016), 'સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિના પરિસરમાં (2016)
અનુવાદ/ રૂપાંતર : 'પંડિત ભાતખંડે' (1967), 'મલયાલમ સાહિત્યની રૂપરેખા' (1978), 'આઠમની રાત' (1994), 'આનું નામ જિંદગી' (1995) 'લખમી' ધૂમકેતુની વાર્તાનું રૂપાંતર, 1995, જેનો હિન્દીમાં અનુવાદ થયો,અ. 1995 ગીતા જૈન)

સંપાદન : બૃહદ ગુજરાતી કાવ્યપરિચય ભા.1-2, મોહનભાઈ પટેલ સાથે 1973), 'બૃહદ ગુજરાતી ગદ્ય પરિચય: ભાગ: 1-2, મોહનભાઈ પટેલ સાથે 1973), ભાષા સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય એકતા, 1977, મોહનભાઈ પટેલ સાથે), દાંપત્યમંગલ, મગનભાઈ પટેલ, 1979) માતૃકાવ્યો 1981, યશવંત શુક્લ સાથે), 'અધિત-૬' સોમાભાઈ પટેલ તથા વસંત દવે સાથે, 1982), સંખ્યાનિર્દેશક શબ્દસંજ્ઞાઓ (1983), પુષ્ટિ દર્શન (1986), પુષ્ટિપદમાધુરી (1991- 92), 'હેમચંદ્રાચાર્ય' નરોતમ પલાણ, ભોળાભાઈ પટેલ સાથે 1989), 'યુગદ્રષ્ટા ઉમાશંકર' રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ,ધીરુ પરીખ 1985), 'અધિત: પ્રમુખીય પ્રવચનો' જયદેવ શુકલ, ભરત મહેતા, જગદીશ ગુર્જર સાથે 1997), 'પ્રત્યાયન: સ્વાતંત્ર્ય સુવર્ણજયંતી વિશેષાંક' (અન્ય સાથે 1998), ગુર્જર અધ્યતન કાવ્યસંચય, ગુર્જર પ્રણય કાવ્યસંચય, ગુર્જર ગીતસંચય, ત્રણેય યોગેશ જોશી, શ્રદ્ધા ત્રિવેદી 1998) 'પ્રિયકાન્ત મણિયારના કાવ્યો' (1998), પ્રત્યાયન: સ્વાતંત્ર્યોતર ગુજરાતી સાહિત્ય વિશેષાંક (અન્ય સાથે 1999), અમર ગીતો (2000 2007-10),ચૂટેલી કવિતા: સુંદરમ્ (2002-4-7-8), 'મનહરિયત (2000), સુંદરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ 2002-4-7-8-15) 'શિક્ષણધર્મી અને શબ્દમર્મી આચાર્ય શ્રી મોહનભાઈ શ. પટેલ' ચિનુ મોદી અને દલપત પઢિયાર સાથે 2003), 'સ્વતંત્ર ગુજરાતી ગીતસંચય (હરિકૃષ્ણ પાઠક સાથે 2002), સ્વામી આનંદ નિબંધ વૈભવ (2004), 'ગુર્જર કાવ્યવૈભવ: ચીમનલાલ ત્રિવેદી સાથે 2004-5), 'ખખડતી ખેંચે કવિતા કોણ ?' (ચૂટેલી કવિતા લાભશંકર ઠાકર 2004), સમગ્ર બાલ કવિતા: સુન્દરમ્ ૧)રંગ રંગ વાદળીયા, ૨)ચક ચક ચકલા, ૩)આ આવ્યા પતંગિયા ૪)ગાતો ગાતો જાય કનૈયો,૫) સોનેરી શમણાં સોનલના; મનહર મોદી શ્રદ્ધા ત્રિવેદી સાથે 2005), પુર્વાલાપ (કાંતકૃત, 2005) વીસમી સદીની ગુજરાતી કાવ્ય મુદ્રા, (યોગેશ જોષી હર્ષ બ્રહ્મભટ્ટ ઉર્મિલા ઠાકર સાથે 2007), 'સવ્યસાચી સારસ્વત ભોળાભાઈ પટેલ' મધુસુદન પારેખ, કુમારપાળ દેસાઈ, પ્રવીણ

Shodh Sanchay ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 4

દરજી સાથે 2007), માધવ રામાનુજના કાવ્યો (2007) કવિ ન્હાનાલાલ ગ્રંથાવલી -2: ખંડ 2 અને 3 (2007)

ઈ.બુક : ચંદ્રકાંત શેઠ : યોગેશ જોષી, શ્રદ્ધાબહેન ત્રિવેદી તથા ઊર્મિલ ઠાકર.

પુરસ્કાર પ્રાપ્તિ :

તેમની જીવન યાત્રા દરમિયાન તેમને ઘણાંબધાં માન- અકરામોથી નવાજવામાં આવ્યા છે.25 જાન્યુઆરી 2025 ના રોજ ભારત સરકારે તેમના સાહિત્ય સર્જન અને શિક્ષણ ક્ષેત્રના યોગદાન માટે મરણોપરાંત પદ્મશ્રી પુરસ્કાર જાહેર કર્યો છે.

1964માં શ્રેષ્ઠ કાવ્યપ્રદાન માટે તેમને 'કુમાર ચંદ્રક' એનાયત થયો. 'ચાંદલિયાની ગાડી' જેવા બાળકાવ્યસંગ્રહ તથા 'સ્વપ્નપિંજર' જેવા નાટ્ય સંગ્રહને ગુજરાત સરકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના પારિતોષિકો પ્રાપ્ત થયા છે. 1984-85માં એમનાં પુસ્તક 'ધૂળ માની પગલીઓ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું ઉમા-સ્નેહરશ્મિ પારીતોષિક મળ્યું હતું. કવિ લોકમાં પ્રગટ થયેલા તેમના કાવ્યોને અનુલક્ષીને 1973માં 'ચંદ્રશેખર ઠાકોર' પારિતોષિત તથા 1986માં 'બળવંતરાય ઠાકોર' પારિતોષિકો પ્રાપ્ત થયું હતું. 'પડઘાની પેલેપાર'દીર્ઘ કાવ્ય રચનાને લક્ષમાં રાખીને 1986 થી 87 ઉશનસ્ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. 1985માં ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક તથા 'પડઘાની પેલે પાર' કાવ્યસંગ્રહને લક્ષમાં રાખી નર્મદ સુવર્ણચંદ્રક તથા આ જ કાવ્ય સંગ્રહ માટે 1986- 87નો ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક તથા 2000માં અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ પ્રાપ્ત થયા હતા.આ ઉપરાંત 2005નો આદ્યકવિ શ્રી નરસિંહ મહેતા એવોર્ડ તથા 2006માં ગુજરાતી સાહિત્ય અકાદમીનું ગૌરવ પુરસ્કાર અને 2007માં વિદ્યા વિકાસ ટ્રસ્ટ તરફથી સારસ્વત ગૌરવ પુરસ્કાર એનાયત થયાં હતાં.

તેમણે નંદ સામવેદી, આર્યપુત્ર, બાલચંદ્ર અને દક્ષ પ્રજાપતિ વિવિધ તખલ્લુસથી સાહિત્ય પ્રકારોનું સર્જન કર્યું છે.

કવિતા :

ચંદ્રકાંત શેઠ વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં સર્જન કરતા નિષ્ઠાવાન અને પ્રતિભાશાળી સર્જક છે. એમનો પ્રથમ પ્રેમ કવિતા છે. કવિતામાં એમને વિવિધ પ્રકારો અને વિવિધ શૈલી સાથે કાવ્ય લેખન કર્યું છે. એમણે મનહર ગીતો લખ્યાં.તેની સાથે અર્થગર્ભ સોનેટો પણ રચ્યાં.દીર્ઘ કાવ્યરચનાઓમાં

પણ તેમણે પોતાની કલમ અજમાવી. એમણે ગઝલો પણ લખી. એમણે ગીત, ગઝલ અને વૃત્તબદ્ધ કાવ્ય ઉપરાંત ગધ્ય કાવ્યનું પણ નિષ્ઠાપૂર્વક સર્જન કર્યું છે. એમના કાવ્યસંગ્રહ 'ઉઘડતી દીવાલો'ની રચનાઓ આનું ઉત્તમ ઉદાહરણ છે. આ સંગ્રહની પ્રથમ રચનામાં જ કવિ કહે છે:

"છંદની છ હજાર વર્ષ જૂની ચાલથી
ઓગણીસો ચુમ્મોતેરને કેમ ચલાવવો ?"

તેઓ કાવ્યકલામાં જીવનકલા અને જીવનકલાનું કાવ્યકલામાં સમ્યક્ રૂપાંતર કરી શકે છે. એમના કાવ્યો કે અન્ય સાહિત્ય પ્રકારના સર્જનોમાં શીલને કલાની કક્ષાએ ઓળખી શકાય છે. પરંપરાગત માત્રામેળ છંદોમાં અને ગીતોમાં પણ એમણે પરંપરા સાથે અનુસંધાન જાળવી પ્રયોગો પણ કર્યા છે. આ રીતે અર્થ અને ઊર્મિના આંદોલનોને તેમણે સમ્યગ્ આંદોલનથી સજાવ્યા અને ચગાવ્યા છે. નીચે આપેલા ઉદાહરણો તેની પ્રતીતિ કરાવશે.

"ફરી ફરીને ગોતું :
ઉઠી ઉઠી સમી જતું જે જલનું જળમાં મોજું,
એ હું ફરી ફરીને ગોતું."

અહીં કાવ્યનો નાયક મોજા ને ફરી ફરી શોધવા મથી રહ્યો છે. વાંચ્યાઅર્થ આટલો જ છે. પરંતુ વ્યંજનાનો વ્યાપ મોટો છે. સંસારમાં જે જન્મે છે તે પાછો તેમાજ વિલુપ થઈ જાય છે. કાવ્ય નાયકની શોધ એ ઘટનાને પામવાની છે. આમ પ્રકૃતિનું દ્રષ્ટાંત નીરુપી કવિએ એક પ્રકારની આધ્યાત્મિક શોધના પ્રદેશમાં ચાલી જાય છે. આ તેમની અસલ પ્રકૃતિ છે.

"શોધતો હતો ફૂલ ને ફોરમ શોધતી હતી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.
શોધતો જેની પગલી એનો મારગ શોધતો મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને."

તો વળી 'પડઘાની પેલે પાર'ની 'ગોરંભ'રચનામાં આત્માની મૂંઝવણ વ્યક્ત કરી છે.

"આકાશમાં છે એથીયે અદકેરો ગોરંભ અંતરમાં !"

તો વળી સાંસારીક પ્રવૃત્તિઓમાં જે કરવાનું, પામવાનું બાકી છે તે અફસોસાત્મક મનસ્થિતિને 'ગગન ખોલતી બારી'ના 'માછલી જ બાકી ?'શીર્ષક વાળા ગીતના ઉપાડ માંજ આબાદ રીતે અભિવ્યક્ત કર્યું છે જેમ કે,

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com

Volume - 4

"આખો દરિયો તેં જાળ મહીં ઝાલ્યો ને માછલી જ બાકી ?,
આમ ગોરંભો કેટલો તેં કીધો ને વીજળી જ બાકી ?"

તો વળી તેમની ઇશ્કે હકીકતની પ્રતીતિ કરાવતી એક ગઝલ 'એક ટહુકો પંડ'માં ની રચના 'તું ચલવે ને....'

"તુ ચલવે ને હું અહીં ચાલું,દાવ અજબ એ ખેલી જા;
જે કંઈ તારે પાલવ ગાંઠિયું, બધું દાવમાં મેલી જા."

અહીં કાવ્યનો નાયક પોતાની જાતને સંબોધીને વાત કરે છે. કે 'તું' એટલે કે કોઈ અગમ્ય તત્વ ચલાવે અને 'હું' અજબ ચાલે દાવ ખેલી રહું એમ બનવું જોઈએ. એના માટે સંસારીએ મનમાં જે રાખ્યું હોય તે, ચાલના દાવમાં મેલી દેવું જોઈએ. તેવી કંઈક અજબ વાત કરી છે 'શગે એક ઝળહળીએ'ની એક રચનામાં પણ આંતરિક, આત્મિક સંપત્તિના અભાવનો વિચાર પ્રગટવા પામ્યો છે જેમ કે,

"અંદર જ્યારે સડ્યાં મુળીયાં,
કેમ આવશે પાન ?
ભીતર જ્યારે શ્વાસ રુદ્ધ છે
કેમ ગવાશે ગાન ?"

આમ પ્રકૃતિના પ્રતિક લઈ આંતરિક શૂળની વેદના વ્યક્ત થઇ છે. જ્યારે ચમત્કારી અનુભવોનો આનંદ પણ તેમની કવિતામાં જોવા મળે છે.એમની માનવતાના રહસ્યની શોધ તેમના માટે સર્વદા આકર્ષક રહી છે. 'જળ વાદળને વીજ'જેવો તેમનો સંગ્રહ એમાં કવિ અભિપ્સા વ્યક્ત કરે છે કે,

"સ્વર્ણિમ પળની ખોજ તો કરીએ જ ને અમે !
રોજ રોજ થોરમાં ઉતરી, કાંટા વેઠનારા અમે,
કોઈ ગુલાબી હવામાં,
તરબતર સુવાસના ખેંચાણે
ગુલાબનીયે ગોત તો ક્યારેક કરીએ જ ને !"

આમ સ્વર્ણિમ પળની શોધ કરવા માટે કવિ પોતાની જાતે નિમંત્ર છે. એમાંય 'કરીએ જ ને અમે'ઉક્તિમાં જે અલગ મિજાજ છે તે છતો થાય છે. એમના કાર્યોમાં ક્યારેક જ નિરાશા છે. બહુધા તે આશા અને આત્મખોજની જ વાત કરે છે. એમને પ્રયોગશીલતામાં પ્રયોગખોરી નથી; પણ

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



આવશ્યકતા પૂરતી પ્રયોગલક્ષીતા છે. જીવન અને કલા બંને પ્રત્યેની સચ્ચાઈ એમની કવિતાની વિશેષતા છે. ખુદવફાઈ એ એમના કાવ્ય સર્જનનું મહત્વનું લક્ષણ છે. ક્યારેક એ તળપદા શબ્દોનો સમુચિત અને સધ્ધર પ્રયોગ પણ કરે છે. 'ગગન ધરા પર તડકા'આ કાવ્યસંગ્રહમાં કવિએ ખેડેલા બ્રિટન, અમેરિકા, આફ્રિકા અને મિસર દેશના પ્રવાસ નિમિત્તેના કાવ્યો છે. આ કાવ્યમાં બાહ્ય સ્થળના વિવિધ સંદર્ભો તો છે જ પરંતુ કવિએ અહીં તેનો આશ્રય લઈ વ્યંજનામૂલક કવિતા આપી છે. એમાં વિદેશની ધરતી પર વિચરતા વિચરતા સ્વદેશ પ્રેમની ઉષ્માનો ભાવ જોવા મળે છે. તેનું ઉદાહરણ જોઈએ તો

"આમ તો હું એકલો નહતો :
ખાદીના કચ્છવાળો
ખાદીની ચાદર ઓઢેલો
એક આદમીયે હતો મારી સાથે- મારી અંદર."

આમ તો કવિ વિદેશની ધરતી પર વિચરતા હતાં.પરંતુ અંતર જગતમાં એક વ્યક્તિની છબી સ્થિર થયેલી હતી.તેના વિશે વાત મૂકી છે. 'ખાદીના કચ્છવાળો', 'ખાદીની ચાદર ઓઢેલો' 'એક આદમી' આ વર્ણન પરથી ગાંધીજીના સંદર્ભને સમજતા વાર લાગતી નથી. કવિ ભલે પરદેશમાં હોય પરંતુ તેમના મનમાં સ્વદેશની પ્રીતિ અને ઉષ્માનો ભાવ અહીં વ્યક્ત કર્યો છે.

નિબંધ :

આપણે આગળ જોયું તેમ કવિતા ચંદ્રકાંત શેઠની પ્રથમ પસંદગી રહી છતાંય નવલકથા સિવાયના ગદ્ય ક્ષેત્રના વિવિધ સ્વરૂપોમાં પણ તેમણે સભાનતાથી કામ કર્યું છે. સર્જનાત્મક ગદ્યસ્વરૂપોમાં 'સ્વપ્નપિંજર' નામક નાટ્યસંગ્રહમાં એબ્સર્ડની ઢબે એકાંકીનો પ્રયોગ કર્યો છે. તો વળી 'નંદ સંવેદી' અંગત નિબંધોનું લલિત ગદ્ય માણવા જેવું છે. અહીં નંદના કાલ્પનિક પાત્ર દ્વારા પોતાની જાત સાથે ગોઠડી માંડી છે. સંસારમાં મનુષ્ય- મનુષ્ય વચ્ચે સંકુચિતતા, કટુતા, દૂર્વ્યવહાર આદિ દૂષણો પ્રવર્તે છે. તેમાં નંદ અકડામણ અનુભવે છે. આ લલિત નિબંધોમાં એક પ્રકારની કરુણા પ્રસરાવી છે. એવી જ રીતે 'ધૂળમાની પગલીઓ' નામક આત્મકથા સુચારુ રીતે આલેખ આવી છે. સમાજમાં ઉજળીયાત લોકો છે તેના કરતા સામાન્ય માનવીઓની એથી એ મોટી ભરમાર છે. એ વાત પ્રતિપાદિત કરવા લેખક એવા સામાન્ય માનવીના વ્યક્તિત્વના ઉજળા પાસાઓને કેન્દ્રમાં રાખી ચરિત્રલક્ષી આસ્વાદ્યય નિબંધો આપે છે. 'સારસ્વતવંદના' તેમના ચરિત્રાત્મક લેખોનો સંગ્રહ છે. ગુજરાતી સાહિત્યમાં વિવિધ સ્વરૂપોમાં પોતિકો અવાજ પ્રગટાવનાર 52 જેટલાં નાનાં મોટા સાહિત્યકારો અને એમનાં સર્જનના વિષયને કેન્દ્રમાં રાખી ગુણદર્શી ચિત્રો આલેખ્યા છે. એમની રસરતી કલમે જે-તે સર્જક કે તેના સર્જનને સહજતાથી અવગત કરાવ્યું છે. 'હેત અને હળવાશ'માં 30

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



જેટલાં હળવા અને વ્યંગ, વિનોદલક્ષી લેખો છે. જેમાં 'હું' કથા નામક પ્રથમ લેખમાં વ્યંગાત્મક રીતે 'હું' પર હળવાસથી પસ્તાળ પાડી છે.

'પ્રસન્નતાનો પ્રસાદ' (2020) કદાચ આ તેમનું છેલ્લું નિબંધ આત્મક પુસ્તક હશે જેમાં તેમણે ઘરને ગૃહમંદિરમાં પરિવર્તિત કરવા માટે પ્રસન્નતાના પ્રસાદને વહેંચ્યો છે. જેના માટે થોડા વિષયોની ચર્ચા કરી છે. 51 જેટલા વિવિધ વિષયોને અહીં ચર્ચ્યાં છે. આ પુસ્તકમાં સર્જકે જિંદગીને કેવી રીતે સફળ બનાવવી અને જીવનને કેવી રીતે સાર્થક બનાવવું એના માટેનો રોડમૅપ રજૂ કર્યો છે.

જેના માટે તેમણે 'મૅકડૉનાલ્ડ'ના સ્થાપક આર્થર ક્રોકેનું એક ટાંકણ આપ્યું છે : "ખિસ્સામાં નાણાં હોય ત્યારે સિદ્ધાંતો અને મૂલ્યોની વાત કરવી બહુ સહેલી છે, પણ ગરીબાઈમાં મૂલ્યોને અને સિદ્ધાંતોને વળગી રહે એ જ 'ટકોરાબંધ' માનવી કહેવાય." આ પુસ્તક માનવીને આવો ટકોરાબંધ માનવ બનાવે છે. માણસનો અંતરઆત્મા, જે માણસનો સાચો ગુરુ છે. આ ગુરુ જ માણસને 'સ્વ'ની ઓળખ અને 'સર્વ' તરફનું દિશાદર્શન કરાવે છે. ગ્રંથને ગુરુ સમજવામાં આવે તો તે દરેક ભાવકને ક્ષણે ક્ષણે પ્રસન્નતાનો પ્રસાદ આપતું રહેશે. એમાં તેઓ સંદેશ આપે છે કે, "આપણે રોતાં રોતાં જીવનમાં આવ્યા, પરંતુ હસતાં હસતાં જીવનમાંથી ચિરવિદાય લઈએ તેમાં આપણી વશેકાઈ. આપણું જીવન કેવળ આપણને, આપણા પરિવારને લાભદાયી થાય એ પૂરતું નથી; આપણા થકી આપણી આસપાસનાં અનેકને એ લાભદાયી થાય એમાં જ આપણા હોવાપણાની ને થવાપણાની સાર્થકતા અને ધન્યતા."

આમ કદાચ આ એમનો છેલ્લો શબ્દ વૈભવ નિબંધો રૂપે આપણને વારસામાં આપતા ગયા.

વિવેચન :

વિવેચન એ સર્જકના બીજા મહત્વના ક્ષેત્રમાં આવે છે. ચંદ્રકાંત શેઠ જે કોઈ વિષય કે મુદ્દાને હાથ પર લે તેને ચારે બાજુથી ઝીણવટ પૂર્વક તપાસીને પોતાના આગવા અર્થવિન્યાસ સાથે નિરૂપે છે. 'કાવ્ય-પ્રત્યક્ષ'માં તેમણે મુખ્યત્વે કવિતાવિષયક મુદ્દાઓની ચર્ચા કરી છે. જેમાં કાવ્ય સર્જનની પ્રક્રિયા, કવિતામાં છંદનો મહિમા, કાવ્યમાં ઔચિત્યવિચાર વગેરે મુદ્દાઓની શાસ્ત્રીય હેસિયતથી સરળ ભાષામાં છણાવટ કરી છે. કવિતાની તેમની પરગામી દ્રષ્ટિ આ સંગ્રહના લેખોમાં અનુભવાય છે. તો 'અર્થાન્તર'માં એમણે નાટક, નવલકથા વગેરેની ચર્ચા કરી છે. તદ્દુપરાંત ગુજરાતી ગદ્ય વિષયના સૈદ્ધાંતિક મુદ્દાઓની પણ ચર્ચા કરી છે .'રામનારાયણ વી. પાઠક' નામક ગ્રંથમાં એમને રા.વી. પાઠકની સર્જકતા અને વિવેચકતા વિશે તટસ્થ ભાવે સવિગત ચર્ચા કરી છે. તેમાં તેમનો સાહિત્યનો ઊંડો અભ્યાસ ઉભરતો દેખાય છે. 'કવિતા ચકરાવા અને ચાક' નામક કાવ્યવિવેચનને

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com
Volume - 4

લગતા લેખોમાં આપણાં નિવડેલા કવિઓ નરસિંહ મહેતા, સુંદરમ્,મેઘાણી વગેરેની વિશેષ ઉપલબ્ધિ વિશે દ્રષ્ટાંત સાથે ચર્ચા કરી છે. તો વળી કેટલાક કાવ્ય સંગ્રહની સમીક્ષાઓ પણ કરી છે. તો ઊર્મિ અને વિચારોનું કવિતામાં શું મહત્વ છે તે પણ સમજાવ્યું છે. કાવ્યરથનાં બે ચક્ર : ઊર્મિ અને વિચાર'માં દાખલાદલીલો અને અવતરણો સાથે વિગતે ચર્ચા કરી છે. 'કવિ અને કવિતા : કર્મ અને મર્મ' સંગ્રહમાં નરસિંહરાવની કવિતા, ઝવેરચંદ મેઘાણીની 'યુગવંદના' સુંદરમ્ની 'લોકલીલા' સુરેશ જોશીની કવિતા- 'પ્રત્યંચા' આદિ લેખોમાં જે-તે કવિના કવિકર્મના વિષયોની દ્રષ્ટાંત સાથે ચર્ચા કરી છે. વળી એ જ ગ્રંથમાં 'મૂળ, ફુળ અને ફૂલ' નામક લેખમાં 'અગેય ગીત' જેવા પ્રચલિત થયેલા શબ્દોમાંની છણાવટ કરી ચર્ચા કરી છે. 'કાવ્યનો આનંદ' જેવા લેખમાં કલામાંથી જે અપાર્થિવ આનંદ પ્રાપ્ત થાય છે તેની સવિગત ચર્ચા કરી છે. તો વળી ભવાઈ જેવા પરંપરાગત સ્વરૂપનેની આજના સંદર્ભે કેવા પ્રયોગો થાય છે તેની ચર્ચા કરી છે. આ ઉપરાંત આ સંગ્રહમાં કેટલાક સર્જકોના સર્જન વિષય ને કેન્દ્રમાં રાખીને પણ ચર્ચા કરી છે,જેમ કે, 'ચરિત્રકાર કાકાસાહેબ કાલેલકર', 'નગીનદાસ પારેખનું ગાંધીચિંતન,' 'પ્રવાસલેખક અને વાર્તાલેખક અંબુભાઈ પુરાણી' આદિ લેખો તેનું ઉદાહરણ છે.

આ ઉપરાંત 'આપણાં કાવ્યરત્નો : ઉઘાડ અને ઉજાસ' જેવા સંગૃહમાં દલપતરામ-નર્મદથી માંડી સુંદરમ્, ઉમાશંકર, સ્નેહરશ્મી જેવા ગાંધીયુગના કવિઓ અને રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, બાલમુકુંદ દવે, ઉશનસ્,જયંત પાઠક જેવાં અનુગામી અનુગાંધીયુગના કવિઓના ચુનંદા કાવ્યોના મર્મગાહી અને સૌંદર્યમુલક આસ્વાદો આપ્યા છે. તો વળી સયદા, અમૃત ઘાયલ, બેફામ, મરીજ જેવા સિદ્ધ ગઝલકારોની વિશિષ્ટ ગઝલોનો પણ આ સ્વાદ કરાવ્યો છે. એમની વિવેચના તાત્વિક, સૈદ્ધાંતિક, આસ્વાદ મુલક અને સાહિત્યપ્રકારલક્ષી ક્ષેત્રે કાર્યરત રહી છે.

મહાનિબંધ :

પોતાના માહાનિબંધના અભ્યાસના વિષય તરીકે અભ્યાસ ઉમાશંકર જોશીને પસંદ કર્યા. તેમના મહાનિબંધને 'ઉમાશંકરનો વાગ્વૈભવ'શીર્ષકથી ત્રણ ખંડમાં પ્રગટ કર્યો છે. પ્રથમ ખંડમાં ઉમાશંકરની સમગ્ર કવન પ્રવૃત્તિનો તલસ્પર્શી અને મર્મગામી અભ્યાસ કર્યો છે.ઉમાશંકરની ઊર્મિકવિતા તથા 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'ની ઊંડી આલોચના કરી છે. આમ ઉમાશંકર જોશીના સમગ્ર કાવ્ય સર્જનની છણાવટ કરી છે. તો બીજા ખંડમાં ઉમાશંકરના ગદ્યસર્જનને ઝીણવટ પૂર્વક ચર્ચા કરી છે. જેમાં તેમની ટૂંકી વાર્તાઓ, એકાંકીઓ, દીર્ઘ નાટકો, નિબંધો, ચરિત્રસાહિત્ય તથા પ્રવાસસાહિત્યની આલોચના કરી છે. અહીં ગદ્ય સ્વરૂપોમાં ઉમાશંકરને કેટલી સફળતા મળી છે તેની પણ પ્રમાણિકતાપૂર્વક વિવેચના કરી છે. તો ત્રીજા ખંડમાં ઉમાશંકરની વિવેચનાને મુલવવામાં આવી છે. 'ઉમાશંકરે સૈદ્ધાંતિક, આલોચનાત્મક, આસ્વાદાત્મક વિવેચના કરી છે' તેવું સ્પષ્ટ વિધાન કર્યું છે. એમના મહાનિબંધના ત્રણેય ખંડના એક આદર્શ સંશોધક તરીકેની તેમની છબી પ્રગટાવે છે. આ ઉપરાંત તેમના કેટલાક કૃતિલક્ષી ચર્ચાઓ કરતા લેખો તેમણે 'ઉમાશંકર જોશી : ઝલક અને ઝાંખી' માં સંગ્રહિત કર્યા છે.

સંપાદક :

ચંદ્રકાંત શેઠે કેટલાક ઉપયોગી સંપાદનો પણ કર્યા છે. જેમાં મોહનભાઈ પટેલ સાથે 'બૃહદ ગુજરાતી કાવ્ય પરિચય ભાગ- ૧- ૨ તથા 'બૃહદ ગુજરાતી ગદ્યપરિચય ભાગ-૧-૨, 'સંખ્યાનિર્દેશક શબ્દસંજ્ઞાઓ', 'ભાષાસાહિત્ય દ્વારા રાષ્ટ્રીય અસ્મિતા વગેરે નોંધનીય રહ્યા છે. 'પંડિત ભાતખંડે' અને 'મલયાળમ સાહિત્યની રૂપરેખા' તેમનાં અનુવાદક ગ્રંથો છે.

આમ ચંદ્રકાંત શેઠે કવિતા, નાટક, વિવેચન, સંપાદન, ભાષાંતર એમ વિવિધ સાહિત્ય ક્ષેત્રે પોતાની ઉચ્ચ પ્રતિભાનો હિસાબ આપ્યો છે. એમની સાહિત્ય કર્મોમાં એક પ્રકારની ઊંડી નિસ્બત અને ઊંચા પ્રકારની નિષ્ઠા જોવા મળે છે. તેમણે જે કામ લીધું તે ખૂબ જ પરિશ્રમ અને ખંતપૂર્વક પૂરું કરે તેવા ખાંતિલા સ્વભાવના હતાં.અને વળી કોઈ મુદ્દા કે વિચાર પર પોતે સ્થિર થયા હોય તો તેને ઝનૂનપૂર્વક વળગી રહેતાં.સચ્ચાઈ, સૂક્ષ્મતા તેમની સાહિત્યક કારકર્દીના મહત્વના પાસાંઓ રહ્યાં છે.

ઉપસંહાર :

ઉપયોગ તો સંશોધનમાંથી આવકને ચંદ્રકાંત શેઠના જીવન પવન ઉપરાંત આધુનિકતાના આંદોલનને પરિણામે આવેલા અભિવ્યક્તિગત, રચનારીતિગત,ભાષાગતપરિવર્તનો વગેરે વિશેની માહિતી જાણવા મળશે. બંને પ્રવાહોની સમાંતરે પરંપરાગત પ્રવાહ પોતાની લાક્ષણિકતાઓ સાથે આ સમયગાળાને સમૃદ્ધ કરતો રહ્યો છે તે પણ આ સંશોધન પેપર માંથી જાણવા મળશે.

સંદર્ભ સૂચિ :

1) ગુજરાતી સાહિત્ય ખંડ-3
2) શબ્દલોકના યાત્રીઓ -2 રમણલાલ જોશી 1983
3) મુક્ત વિહરતું લેખન સ્વરૂપ ગ્રંથ ઓક્ટોબર 1981
4) અનુક્રમ જયંત કોઠારી 1975
5) સાહિત્ય સ્પર્શ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 1979
6) ઉઘડતી દીવાલો ચંદ્રકાંત શેઠ 1974
7) ચાંદલિયા ની ગાડી ચંદ્રકાંત શેઠ 1980

Shodh Sanchay
ISSN:3049-236X(Online)
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : shodhsanchay@gmail.com



8) સ્વપ્ન પિંજર ચંદ્રકાંત સેજ 1983
9) નંદ સામવેદી ચંદ્રકાંત શેઠ 1980
10) ગુજરાતી અસ્મિતા ના જ્યોતિર ધરો ચંદ્રકાંત શેઠ 1992
11) સ્વામી આનંદ ચંદ્રકાંત શેઠ 1998
12) ઉમાશંકર જોશી ઝલક અને ઝાંખી ચંદ્રકાંત શેઠ 2003
13) પ્રસન્નતાનો પ્રસાદ, ચંદ્રકાંત શેઠ (2020)